# ન્યાય મેળવવા સી.પી.એડ.ના તાલીમાર્થીઓએ ધરણા શરૂ કર્યા

## ટેટની પરીક્ષા અને વિદ્યાસહાયકની ભરતીમાં સામેલ કરવા પ્રબળ માંગ

ગાંધીનગર, તા. ૯

સી.પી.એડ.ના તાલીમાર્થીઓને ટેટની પરીક્ષામાં સામેલ ન કરી વિદ્યાસહાયકની ભરતીમાં પણ તક ન અપાતા પ્રબળ આક્રોશ પ્રવર્ત્યો છે. આ મામલે રાજ્યના વિવિધ જિલ્લામાંથી ગાંધીનગર સ્થિત તાલીમાર્થીઓના જણાવ્યા મુજબ સી.પી.એડ. બાદ ફક્ત પ્રાથમિક શાળાઓમાં જ વિકલ્પ હતો જ્યારે તેમાંથી પણ બાકાત કરવામાં આવતા અન્યાય થયો છે. ગુજરાતમાં દર વર્ષે ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે. જ્યારે શાળાઓમાં ખ્યાતનામ શિક્ષકોની ભરતી




સત્યાગ્રહ છાવણી ખાતે એકત્રિત થયેલા તાલીમાર્થીઓએ ધરણા પર ઉતરી ગાંધી ચિંધ્યા માર્ગે લડત શરૂ કરી છે. તાલીમાર્થીઓના જણાવ્યા મુજબ ન્યાય નહી મળે ત્યાં સુધી લડત ચાલુ રહેશે.

સી.પી.એડ.નો અભ્યાસક્રમ પુર્ણ કર્યા બાદ પણ તાલીમાર્થીઓના ભાવિ સામે પ્રશ્નાર્થ મંડરાતા આ મામલે પ્રબળ આક્રોશ પ્રવર્ત્યો છે. સે. ૬ સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે રાજયના વિવિધ જિલ્લાઓમાંથી એકત્રિત થયેલા તાલીમાર્થીઓને ઉપવાસ આંદોલન શરૂ કરી દીધુ છે. સી.પી.એડ. મામલે જ સરકાર ઉદાસીન છે. સી.પી.એડ.ના તાલીમાર્થીઓનો વિદ્યાસહાયકની ભરતીમાં પણ સમાવેશ થતો નથી જ્યારે તાલીમાર્થીઓને ટેટની પરીક્ષામાં ન બેસવા દેવાતા અન્યાય થઈ રહ્યો છે. આ મામલે ન્યાય મેળવવા સી.પી.એડ.ના તાલીમાર્થીઓએ હાલ સે. ૬ સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ આંદોલન શરૂ કર્યુ છે. ન્યાય ન મળે ત્યાં સુધી ધરણા ચાલુ રહેશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે. બે દિવસ અગાઉ આ અંગે તાલીમાર્થીઓએ મુખ્યમંત્રીને આવેદનપત્ર પણ સુપ્રત કર્યું હતું.

# ઘરફોડ ચોરીના ગુનામાં વોન્ટેડ શખ્સને એલ.સી.બી.એ ઝડપી પાડ્યો

## રાજસ્થાનનો આ શખ્સ અઢી વર્ષથી કલોલ તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલા ગુનામાં વોન્ટેડ હતો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જીલ્લાના કલોલ તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં અગાઉ વર્ષ ૨૦૧૨માં થયેલી ઘરફોડ ચોરી અંગે દાખલ થયેલા ગુનામાં છેલ્લા અઢી વર્ષથી વોન્ટેડ આરોપી આજે ગાંધીનગર એલ.સી.બી પોલીસના હાથે ઝડપાઈ જવા પામ્યો હતો. પોલીસે રાજસ્થાનના ઝાલોર વિસ્તારના આ શખ્સની ધરપકડ કરીને એબ્સકોન્ડર સ્કવોડે કલોલ તાલુકા પોલીસને આરોપી સોંપી દીધો છે. આ આરોપી કલોલ તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલા ઘરફોડ ચોરીના ગુનામાં છેલ્લા અઢી વર્ષથી નાસતો ફરતો હતો.

ગાંધીનગર ડી.એસ.પી શરદ સિંઘલે નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે ગાંધીનગર એલ.સી.બી પી.આઈ આશુતોષ પરમારને સુચન કરતા



ડી.એસ.પી ની મંજૂરીથી એબ્સકોન્ડર સ્કવોડ ની રચના કરી હતી. આ સ્કવોડ વોન્ટેડ આરોપીઓ પકડવા માટે બનાવવામાં આવી છે. સ્કવોડના પી.એસ.આઈ કે.એ.પટેલ તથા તેમની ટીમે કલોલ તાલુકા પોલીસ મથકે વર્ષ ૨૦૧૨ માં નોંધાયેલા ઓઈલ ચોરીના ગુનામાં સંડોવાયેલા અને છેલ્લા અઢી વર્ષથી નાસતા ફરતા આરોપીને શોધીને પકડી પાડ્યો છે. રાજસ્થાનના ઝાલોર વિસ્તારના મોહન સોમા મારવાડી નામના આ વોન્ટેડ શખ્સે કલોલ તાલુકા રકનપુર ચોકડી પાસે અંબિકા એસ્ટેટમાં સ્થિત રામદેવ મોબાઈલ સ્ટોરમાંથી ૩૫ હજારના મોબાઈલોની ચોરી કરી હતી. ઘરફોડ ચોરીના ગુનામાં ધરપકડ કરી સ્કવોડે આરોપીને કલોલ તાલુકા પોલીસને સોંપ્યો છે.

# ઈન્ફોસીટી સર્વિસરોડ પરથી દારૂનો થેલો ભરીને જતો શખ્સ ઝડપાયો

## રાજસ્થાની શખ્સની ૧૮ નંગ વિદેશી દારૂની બોટલ સાથે ધરપકડ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરને અડીને આવેલા ઈન્ફોસીટી વિસ્તારના સર્વિસ રોડ પરથી દારૂની બોટલો ભરેલો થેલો લઈને એક શખ્સ પસાર થઈ રહ્યો હોવાની બાતમીને આધારે ઈન્ફોસીટી પોલીસે એક રાજસ્થાની શખ્સની ૧૮ નંગ વિદેશી દારૂની બોટલો સાથે ધરપકડ કરી લીધી છે.

ઈન્ફોસીટી પી.આઈ. વાય.એમ. મિશ્રાની ટીમના પોલીસ કોન્સ્ટેબલ રતનસિંહ તથા દિલીપસિંહ સહિતના માણસોએ આજે ઈન્ફોસીટી સર્વિસ રોડ પરથી દારૂની બોટલો ભરેલા થેલા સાથે એક શખ્સની ધરપકડ કરી લીધી છે. બાતમીને આધારે વોચ ગોઠવીને ટીમે રાજસ્થાનના નિતેશ ધનેશ્વર ડામોરની તલાશી લેતા તેના થેલામાંથી બ્લેન્ડર, સિગ્નેચર તથા રોયલ ચેલેન્જર્સ જેવી બ્રાન્ડની ૧૮ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. રૂ. ૧૮,૬૦૦ના મુદ્દામાલ સાથે પોલીસે આરોપીની ધરપકડ કરી તપાસ શરૂ કરી છે.

# માણસા વિઘ્નેશ્વરી પરિવાર દ્વારા કનૈયાલાલ પંડ્યાનું સન્માન કરવામાં આવ્યું



ગાંધીનગર, તા. ૯

માણસામાં આવેલ વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ, આનંદીમાના વડલા ખાતે સરકારમાંથી વયનિવૃત્ત થયેલ કથાકાર કનૈયાલાલ પંડ્યાનો અને પશુનિયામકનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો.

હાલમાં જ સરકારી પ્રેસ સેક્ટર-૩૦ ખાતે ફરજ બજાવતા અને જાણીતા કથાકાર કનૈયાલાલ પંડ્યા વય નિવૃત્ત થયા છે. તેમનો સન્માન સમારોહ વિઘ્નેશ્વરી પરિવાર દ્વારા આનંદીમાના વડલાની પાવન ધરતી પર યોજવામાં આવ્યો હતો.

તેમજ ભૂજ ખાતે નિયામક તરીકે ફરજ બજાવતા કે.જે. બ્રહ્મક્ષત્રિયનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સન્માન સમારોહમાં વાન પ્રસ્થાનની નિશ્રામાં રહેતા વડીલો, માણસા બ્રહ્મ સમાજના સભ્યો તેમજ આજુબાજુના ગામડામાંથી ભજન મંડળો ઉપસ્થિત રહ્યા હતા. ભજન મંડળીઓ દ્વારા આ પ્રસંગે ભક્તિગીતો રજૂ કરવામાં આવ્યા હતા. ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસ અને અશ્વિનભાઈ દ્વારા મહાનુભાવોને શાલ ઓઢાડવામાં આવી હતી.

# ... ફરી વરસાદની હાથતાળી અને ગરમીનો પારો ૪૦ ડિગ્રીએ

## આ વર્ષે કુદરત કંઈક નવું જ કરી બતાવવાના મુડમાં હોય તેમ વરસાદનો અણસાર સુધ્ધા આપતી નથી

ગાંધીનગર, તા. ૯

આકાશમાં સતત સંતાકુકડી રમતા ગરમીનો પારો ૪૦ ડિગ્રી સેલ્શિયસ નોંધાયો હતો. એકબાજુ સતત ઉકળાટ થઈ રહ્યો હોવા છતાં મેઘરાજાની પધરામણીના કોઈ અણસાર જણાતા નથી તો બીજી બાજુ વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ યથાવત જળવાઈ રહ્યું છે. આજે સવારે ભેજનું પ્રમાણ ૬૬ ટકા હતુ અને સાંજે પણ ૩૪ ટકા જેટલું નોંધાયું હતું. જ્યારે ગરમીનો લઘુત્તમ પારો ૩૦ ડિગ્રીથી નિચે ઉતર્યો નહોતો.

આજે સવારે આકાશમાં વાદળોની થોડી ઘણી હાજરી વર્તાતા નગરજનોમાં વરસાદ આવશેની આશાનો સંચાર થયો હતો પરંતુ ફરીથી વાદળોએ દિવસભર 'હાઈડ એન્ડ સીક'ની રમત આદરી હતી અને સાંજ પડતા સુધીમાં તો 'ઉડન છૂ' થઈ ગયા હતા. દેશભરમાં આ વર્ષે ઓછા ચોમાસાની ચિંતા ખેડૂતો સહિત તમામને થઈ રહી છે. અને ઉપરથી હવામાન શાસ્ત્રીઓ અને જ્યોતિષીઓ વરસાદના આગમનની નવી નવી તારીખો પાડતા જાય છે. વરસાદ ખેંચાવાના પગલે રાજ્યના જળાશયો ખાલી થઈ રહ્યા છે અને આગામી દિવસોમાં જો સત્વરે પુરતો વરસાદ નહી આવે તો માનવી સહિત અબોલ પશુપંખીઓને પણ કફોડી પરિસ્થિતિનો સામનો કરવો પડશે. મેઘરાજાને મનાવવા હવે ગામેગામ યજ્ઞો, પ્રાર્થનાઓ અને ઈબાદતો કરાઈ રહી છે. પરંતુ જાણે આ વર્ષે કુદરત 'કંઈક' નવું જ કરી બતાવવાના 'મુડ'માં હોય તેમ અણસાર સુધ્ધા નથી આપી રહી.

હાલ મુસ્લિમોનો પવિત્ર માસ રમઝાન ચાલી રહ્યો છે અને સાથે સાથે કુમારિકાઓનું ગૌરીવ્રત પણ ચાલુ થઈ રહ્યું છે. ત્યારે ધાર્મિકતાના માહોલમાં વરૂણદેવને રીઝવવા લોકો સાથે મળીને પ્રાર્થના કરી રહ્યા છે. આકરી ગરમીમાં મુસ્લિમ સમુદાયના શ્રદ્ધાળુઓ રોઝા રાખી રહ્યા છે ત્યારે હવે ઈશ્વર જલ્દીથી મેઘ મહેર કરે તેવુ તમામ નાગરિકો ઝંખી રહ્યા છે.

# સાદરા માર્ગ પર નીલગાય આડે આવતા સર્જાયેલા અકસ્માતમાં યુવાનનું મૃત્યુ

## ઝૂંડાલનો યુવાન બાઈક લઇને ચિલોડા-સાદરા માર્ગ પર જઇ રહ્યો હતો ત્યારે મોતીપુરા પાસે અકસ્માત

ગાંધીનગર, તા. ૯

ચિલોડા-સાદરા માર્ગ પર મોતીપુરા પાસે નીલગાય આડે આવતા ઝુંડાલથી બાઈક લઈને નીકળેલા યુવાનને અકસ્માત નડ્યો હતો. બાઈક ચાલક યુવાનને ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી અમદાવાદ ખસેડવામાં આવ્યો હતો. જયાં હોસ્પિટલમાં જ તેનું સારવાર દરમિયાન મોત નીપજયું હતું. ચિલોડા પોલીસે આ બનાવ અંગે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર નજીકના ઝુંડાલ ખાતે રહેતો ૨૪ વર્ષીય યુવાન રાધેશ્યામસિંહ રમેશજી ઠાકોર બે દિવસ પહેલા ૭ મી તારીખે ઝુંડાલથી સાદરા તરફ જઈ રહ્યો હતો. ચિલોડા-સાદરા હાઈવે પર સ્થિત મોતીપુરા પાસે બાઈક લઈને યુવાન પહોંચ્યો ત્યાં અચાનક રસ્તામાં નીલગાય આડે આવી ચડી હતી. નીલગાય સાથે જબરદસ્ત ટક્કર વાગતા બાઈક સાથે યુવાન ફંગોળાઈને રસ્તા પર પટકાયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા યુવાનને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. જયાં યુવાનનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજયું હોવાનું જાણવા મળ્યું છે.



સમગ્ર દેશમાં તેર લાખથી વધુ વિદ્યાર્થીઓને જિલ્લા અને તાલુકા સ્તરે ઓનલાઈન કમ્પ્યુટરનું શિક્ષણ આપતી ઈબીઝ કોમ પ્રા.લિ. દ્વારા ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિરના ઓડિટોરીયમ ખાતે જિલ્લા સ્તરનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા આર્શીવચન અને કંપનીના ડાયરેકટર પવન મન્હાને અને રઘુ ટેકરીવાલને પુષ્પગુચ્છ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં બી.કે. શારદાદીદી, બી.કે. કૈલાશદીદી, બી.કે. તારાબેન, બી.કે. રંજનબેન અને બી.કે. રામલાલ પાલ ઉપસ્થિત રહ્યા હતા.

# પાંચ તાલુકા પ્રજાપતિ સમાજની સભા યોજાશે

ગાંધીનગર, તા. ૯

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામની ૨૨મી વાર્ષિક જનરલ સભા યોજવામાં આવશે. આગામી તા. ૧૩ જુલાઈ, રવિવારના રોજ સવારે ૯.૦૦ વાગે શ્રી ચીનુભાઈ સોમાભાઈ સમાજ હોલ દહેગામ ખાતે યોજાશે. સભામાં પરિવાર કલ્યાણ મંચના લાભાર્થીઓને ચાલુ વર્ષનો સહાયનો પ્રથમ હપ્તો ચૂકવવામાં આવનાર છે. તેથી સર્વે સભાસદ જ્ઞાતિબંધુઓને પધારવા સમાજના પ્રમુખ નારણભાઈ પ્રજાપતિએ જણાવ્યું છે.

# વરૂણદેવને રીઝવવા ભારતીય કિસાનસંઘ મહા પર્જન્ય યજ્ઞ કરશે

ગાંધીનગર, તા. ૯

વરસાદ ખેંચાતા ખેતી કરીને જીવન નિર્વાહ કરતા ખેડૂતો ચિંતિત બન્યા છે. જગતના તાતનું જીવન જીવવુ મુશ્કેલ થઈ રહ્યું છે. ત્યારે મેઘરાજાને મનાવવા માટે ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ દ્વારા પર્જન્ય યજ્ઞ યોજવામાં આવશે.

ચાલુ વર્ષે વરસાદ ન આવતા મનુષ્ય ઉપરાંત, પશુ-પંખી અને ખેતી કરીને જીવન જીવતા ખેડૂતોની હાલત કફોડી બની છે. ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ મહા પર્જન્ય યજ્ઞ કરશે. તા. ૧૧ જુલાઈ, શુક્રવાર સવારે ૯.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા દરમિયાન બલરામ મંદિર સેક્ટર-૧૨ ગાંધીનગર ખાતે યોજાશે.

મહા પર્જન્ય યજ્ઞમાં નગરના પ્રસિદ્ધ પંચદેવ મંદિરના પ.પૂ. ધર્માચાર્યશ્રી ફુલશંકર શાસ્ત્રીજી મહારાજ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ મુજબ સંપન્ન કરવામાં આવશે. યજ્ઞમાં સાંજે ૫.૦૦ વાગે શ્રીફળ હોમવામાં આવશે.

આકરી ગરમીથી આકુળવ્યાકુળ બની ગયેલી જનતા પર મેઘરાજાની મહેરબાની થાય, વાતાવરણમાં ઠંડક પ્રસરે અને ચોમાસામાં ચોમાસા જેવું વાતાવરણ થાય તે હેતુથી વરૂણદેવને રીઝવવા મહા પર્જન્ય યજ્ઞ કરવામાં આવશે.

# રવિવારે વાવોલના શાલીન-૪ માં મફત રોગ નિદાન કેમ્પ અને રક્તદાન શિબિર યોજાશે

## નિષ્ણાંત તબીબો દ્વારા બી.પી., બીએમઆઈ સાથે ફિઝીયોથેરાપી, આયુર્વેદિક, ડેન્ટલ ઓર્થોપેડીક અને આંખોની તપાસની મફત સુવિધા અપાશે : ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા રક્તદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વાવોલના શાલીન-૪ એપાર્ટમેન્ટ્સ ખાતે તા. ૧૩મી જુલાઈ રવિવારના રોજ એક 'મફત રોગ નિદાન કેમ્પ'ની સાથે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા 'રક્તદાન શિબિર' પણ યોજવામાં આવનાર છે. આ રોગ નિદાન કેમ્પ સવારે ૯ થી ૧૨ દરમ્યાન યોજાશે. જેમાં વિવિધ રોગના નિષ્ણાંત તબીબો તેમની સેવાઓ આપશે.

શાલીન-૪ એપાર્ટમેન્ટના મિત્રોના સહકારથી યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા યોજાનારા આ મફત રોગ નિદામ કેમ્પમાં ફિઝીયોથેરાપીની સેવાઓ ડૉ. હાર્દિક તલાટી, ડૉ. યજ્ઞેશ ત્રિવેદી, ડૉ. મેશ્વા પટેલ અને ડૉ. દુષ્યંત મોદી આપશે. આ ઉપરાંત આ કેમ્પમાં આયુર્વેદિક સારવારની સેવાઓ ડૉ. રાજેન્દ્ર વસૈયા, દાંતના દર્દો માટે ડૉ. જીગ્નેશ પટેલ, ઓર્થોપેડીક દર્દો માટે ડૉ. બિમલ મોદી તેમની સેવાઓ આપશે. આ કેમ્પમાં આંખોની તપાસ તેજલ આઈ ક્લિનીક દ્વારા કરવામાં આવશે. આ ઉપરાંત આ શિબિરમાં બી.પી. અને બી.એમ.આઈ. પણ કરી આપવામાં આવશે.

ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા આ રોગ નિદાન કેમ્પની સાથે જ રક્તદાન શિબિર પણ યોજવામાં આવી છે. આ રોગનિદાન કેમ્પનો વાવોલ અને આસપાસના વિસ્તારના મહત્તમ દર્દીઓ લાભ તે માટે યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટના ઉપપ્રમુખ ડૉ. હાર્દિક તલાટીએ અનુરોધ કર્યો છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૩

સૂર્યાસ્ત : ૭.૨૭

## તાપમાન

મહત્તમ : ૪૦.૦ ડિ.સે.

લઘુત્તમ : ૩૦.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૩૪ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
બોબી જાસૂસ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
એક વિલન : ૧૨.૩૦, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ટ્રાન્સફોર્મર (૩ડી) (અંગ્રેજી) ૩.૧૫, ૬.૩૦
સ્ક્રીન-૪ :
ઑટોનગર સૂર્યા (તેલુગુ) : ૧૦.૦૦
હોલીડે : ૬.૪૫
બોબી જાસૂસ : ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
લેકર હમ દીવાના દિલ : ૧૦.૦૦, ૧૨.૧૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૫૦, ૭.૧૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૮.૧૫, ૧૧.૩૦, ૯.૨૦
હમશકલ : ૨.૫૦
હોલીડે : ૬.૦૦
: સ્ક્રીન-૩ :
એક વિલન : ૮.૪૫, ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
એક વિલને : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૩૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
બોબી જાસૂસ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
લેકર હમ દિવાના દિલ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
સ્ક્રીન-૨ :
એક વિલન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે. નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે.

**વૃષભ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. આરોગ્યલક્ષી આહાર લેવો.

**મિથુન** : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે.

**કર્ક** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે.

**સિંહ** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે. અપરણિતો માટે લગ્નનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે.

**કન્યા** : વ્યાપાર મધ્યમ રહશે. આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**તુલા** : કાર્યોમાં ઉન્નતિ થશે. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો.

**વૃશ્ચિક** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બને છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે.

**ધન** : ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. શત્રુઓથી હાની થવાની આશંકા રહેશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે.

**મકર** : સ્વયં યોજના મુજબ કાર્ય કરવું. ક્રોધ અને આવેશ પર સંયમ રાખવો. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે. ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે.

**કુંભ** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. નવા સંબંધો બંધાશે. કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો.

**મીન** : વ્યપારી વર્ગથી લાભ થવાની શકયતા છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. મંગળ કાર્યોનું આયોજન કરી શકશો.

## ચિરવિદાય

- સ્વ. શ્રીધરરાવ ગોવિંદરાવ બળવે (ઉ.વ.૮૦) ૧૭૫/૨, રાજમંદિર એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૯, ગાંધીનગર
- સ્વ. કાંસારાજા સન્મુખ રાજપૂત (ઉ.વ. ૫૫) એમ/૫૦૭, સત્યમ ઓપાર્ટમેન્ટ, સેક્ટર-૨૪, ગાંધીનગર
- સ્વ. લીલાબા નાથુસિંહ ચાવડા (ઉ.વ. ૯૫) પ્લોટ નં. ૭૦૨/૧, સેક્ટર-૧૩, ગાંધીનગર